# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-08-2025** **Evening : 7.28 to 7.38 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **સૌરાષ્ટ્રના લોકો અને ખેડૂતોને સૌની યોજનાથી નર્મદાનું વધારાનું પાણી અપાશે.**
2. રાજ્યની અનુદાનિત સંસ્થાઓમાં ફિક્સ પગારના કર્મચારીઓને હવે 20 દિવસની મૅડિકલ અને 15 દિવસની વિશેષ રજા મળશે
3. રાજ્યમાં પહેલી ઍપ્રિલ સુધીમાં 2 હજાર 564 કિલોમીટરની 36 રેલવે પરિયોજનાને મંજૂરી અપાઈ- લોકસભામાં રેલવે મંત્રીનું નિવેદન
4. **રાજ્યભરમાં આજથી સંસ્કૃત સપ્તાહની ઉજવણીનો આરંભ..**
5. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું – આવતીકાલે હળવા વરસાદની આગાહી**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SAURASHTRA FARMERS

રાજ્ય સરકારે સૌરાષ્ટ્રના લોકો અને ખેડૂતોને સૌની યોજનાથી નર્મદાનું વધારાનું પાણી આપવાનો અને 11 જિલ્લામાં 10 કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, પ્રવર્તમાન વરસાદની સ્થિતિને પગલે સૌરાષ્ટ્રના લોકોની રજૂઆતને ધ્યાને રાખી આ નિર્ણય કરાયો છે. આગામી સમયે જરૂરિયાત મુજબ, ઉત્તર ગુજરાતમાં પણ સુજલામ્ સુફલામ્ યોજના મારફતે પાણી અપાશે તેમ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું.

(BYTE: RUSHIKESH PATEL, SAUNI YOJNA)

. . . . . . . . . . .

# MEDICAL LEAVE TEACHERS

રાજ્યની 357 અનુદાનિત સંસ્થાઓના એક હજાર 282 શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક ફિક્સ પગારના કર્મચારીઓને 20 દિવસની મૅડિકલ રજા અને 15 વિશેષ રજા મળશે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આ નિર્ણયથી રાજ્યની બિન-સરકારી અનુદાનિત મહાવિદ્યાલયોના એક હજાર 167 શૈક્ષણિક અને 115 બિન-શૈક્ષણિક કર્મચારીઓને લાભ થશે.

(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)

. . . . . . . . . . .

# RAGHAVJI PATEL - KHATAR

ખાતરની અછત અંગે વિવિધ વિભાગોમાંથી મળેલી ફરિયાદ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતાં કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ખેડૂતોને જરૂરિયાત મુજબ ખાતર મળી રહે તેવું આયોજન રાજ્ય સરકારે કર્યું છે.

**(BYTE: RAGHAVJI PATEL, AGRICULTURE MINISTER)**

. . . . . . . . . . .

# RAILWAYS PROJECT GUJARAT

રાજ્યમાં પહેલી એપ્રિલ 2025 સુધીમાં સંપૂર્ણ કે આંશિક રીતે કુલ 2 હજાર 564 કિલોમીટરની લંબાઈની 36 રેલવે પરિયોજનાને મંજૂરી અપાઇ છે. તેમાંથી 863 કિલોમીટર લંબાઈની યોજના કાર્યરત્ થઈ ગઈ છે, માર્ચ 2025 સુધીમાં રાજ્યમાં રેલવે વિકાસ માટે 12 હજાર 865 કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે.

લોકસભામાં સાંસદ પરશોત્તમ રૂપાલાએ ગુજરાતને લગતી રેલવે પરિયોજનાઓ અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગૃહમાં આ વિગત રજૂ કરી. તેમણે કહ્યું, ગુજરાતને માળખાગત પરિયોજના અને સલામતી કાર્યો માટે વર્ષ 2025-26ના અંદાજપત્રમાં 17 હજાર 155 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

શ્રી વૈષ્ણવે કહ્યું, ગુજરાત સરકારે 10 હજાર 427 કરોડ રૂપિયાના કુલ અંદાજિત ખર્ચે 41 કિલોમીટર લાંબી રાજકોટ મેટ્રો રેલ પરિયોજના માટે ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

. . . . . . . . . . .

## SURAT DRUGS

સુરતના સલાબતપુરામાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ-SOG એ એક કેફી પદાર્થના નેટવર્કનો પર્દાફાશ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ ઉપરાંત બે પિસ્તોલ પણ કબજે કરી છે. બાતમીને આધારે આ કામગીરી કરવામાં આવી હોવાનું SOGના DCP રાજદીપસિંહ નકુમે જણાવ્યું.....

(બાઇટ – રાજદીપસિંહ નકુમ, SOG, DCP)

. . . . . . . . . . .

## SAHKAR BETHAK

ત્રિપુરાના સહકાર મંત્રી શુક્લચરણ નોઆતિયા અને તેમનું પ્રતિનિધિ મંડળ સહકાર મૉડેલના અભ્યાસ માટે આવતીકાલ સુધી ગુજરાતના પ્રવાસે છે. આ પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં આજે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા સાથે બેઠક યોજી. જેમાં શ્રી વિશ્વકર્માએ તેમને જરૂરી તમામ સહાયની તત્પરતા દર્શાવી

આ પ્રસંગે ત્રિપુરાના સહકાર મંત્રીએ ગુજરાતની જેમ સહકારી ક્ષેત્રનો વિકાસ કરીને ત્રિપુરાના ખેડૂતો અને પશુપાલકો માટે વધુ રોજગારીનું સર્જન કરવાની નેમ વ્યક્ત કરી.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# Lokrakshak Cadre Exam - RESULT

રાજ્યમાં ગત 15 જૂને લેવાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાના ગુણ જાહેર કરાયા છે. ઉમેદવારો ભરતી બૉર્ડની વૅબસાઈટ GPRB.GUJARAT.GOV.IN તથા LRDGUJARAT2021.IN ઉપર આ ગુણ જોઈ શકે છે.

ગુણ ચકાસણી એટલે કે રિ-ચેકિંગ કરાવવા માગતા હોય તેવા ઉમેદવારો આગામી 21 ઑગસ્ટ સુધીમાં રૂબરૂ અથવા સ્પીડ પૉસ્ટ કે કુરિયર દ્વારા પોતાની અરજી ગાંધીનગરની ગુજરાત પોલીસ ભરતી બૉર્ડની કચેરી ખાતે મોકલી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . .

## JAMBUSAR ST DEPO

ભરૂચના જમ્બુસર S.T. ડૅપો ખાતે બે નવી S.T. બસ સેવાનો આરંભ થયો. આ બંને બસને દરરોજ જમ્બુસરથી ખંડેલા અને ખંડેલાથી જમ્બુસર વચ્ચે દોડાવાશે. ધારાસભ્ય દેવકિશોર સ્વામી અને તાલુકા પંચાયતના પ્રમુખે લીલીઝંડી આપી બંને બસનું પ્રસ્થાન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે જમ્બુસર S.T. ડૅપોને કુલ 19 નવી બસ ફાળવી છે.

. . . . . . . . . . .

## SANSKRIT SAPTAH GNR

રાજ્યભરના તમામ જિલ્લામાં આજથી 12 ઑગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાશે. તે અંતર્ગત શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે આજે ગાંધીનગરમાં સંસ્કૃત ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું. “જયતુ સંસ્કૃતમ્, જયતુ ભારતમ્”ના મંત્ર સાથે યોજાયેલી યાત્રામાં શાળા, મહાવિદ્યાલય, સંસ્કૃત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ સહિત અંદાજે 650થી વધુ સંસ્કૃત પ્રેમીઓ જોડાયા હતા.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 13 ઑગસ્ટ સુધી સામાન્ય વરસાદની આગાહી કરી છે. આવતીકાલે ઉત્તર, દક્ષિણ, મધ્ય અને સૌરાષ્ટ્ર—કચ્છના કેટલાક જિલ્લામાં હળવા વરસાદની સંભાવના છે.

બીજી તરફ રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં આજે બપોરે ચાર વાગ્યા સુધીમાં માત્ર 26 તાલુકામાં હળવો વરસાદ થયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 64 ટકાની નજીક પહોંચ્યો છે. દરમિયાન માછીમારોને આગામી 10 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા પણ હવામાન વિભાગે સૂચના આપી છે.

. . . . . . . . . . .

# SANSKRUTI DIVAS - DISTRICT

સંસ્કૃત દિવસના ઉપલક્ષ્યમાં આજે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સંસ્કૃત ગૌરવયાત્રા યોજાઈ.

દરમિયાન સુરેન્દ્રનગરમાં અલ્ટ્રાવિઝન શાળાથી શરૂ થયેલી આ યાત્રાનું મુખ્ય નાયબ દંડક જગદીશ મકવાણાએ પ્રસ્થાન કરાવ્યું. યાત્રામાં 400 જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા શિક્ષણ અધિકારીએ વધુ માહિતી આપી ....

## (બાઈટ – Y.M.OZA, DEO)

તાપી જિલ્લાની યાત્રામાં વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં નાટક, શ્લોક પઠન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ અને સંસ્કૃત ભારતી, ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે 23 જેટલા સંસ્કૃત સંભાષણ વર્ગોનું આયોજન કરાયું. તેમાં એક હજાર જેટલા લોકો જોડાયા.

છોટાઉદેપુરમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણીના પ્રથમ દિવસે એસ એફ હાઇસ્કુલ ખાતેથી 'સંસ્કૃત ગૌરવ યાત્રા' યોજાઇ.

મહીસાગરમાં લુણાવાડાના લુણેશ્વર મહાદેવ મંદિરથી 700થી વધુ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર અને કુમકુમ તિલક સાથે સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઇ. આ ઉપરાંત સાબરકાંઠાના હિંમતનગર, નવસારી, ભુજ, બોટાદ, ભરૂચ સહિતના જિલ્લાઓમાં સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઇ.

. . . . . . . . . . .

# RRU COURSE

ગાંધીનગરની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી- RRUના હાઈબ્રિડ MSc-ASDA અભ્યાસક્રમને બ્રિટનની ફેકલ્ટી ઑફ એક્ચ્યૂઅરીઝ- IFoA દ્વારા વૈશ્વિક સ્તરે માન્યતા આપવામાં આવી છે. આ સિદ્ધિ ભારતની એક્ચ્યૂઅરિયલ સાયન્સમાં ક્ષમતાઓને મજબૂત બનાવવા અને રાષ્ટ્રીય સુરક્ષા તથા વ્યૂહાત્મક શિક્ષણમાં તેના ઉપયોગ તરફ એક મહત્વનું પગલું છે. દિલ્હીમાં આજે એક પત્રકાર પરિષદ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી.

. . . . . . . . . . .